ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# આર્ય વૈદિક દર્શન



Arya Vaidik Darshan
(Monthly)
ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું માસિક મુખપત્ર

जो दूसरों को गुलाब के फूल बांटता है, उसके हाथ सदा 'खुश्बू' से महकते रहते हैं।
सबको खुशी बांटे और सदा सुखी रहें।

सृष्टि संवत् : १,९६,०८,५३,११५
विक्रम संवत् : २०७१
दयानन्दाब्द : १९०
वर्ष : १
अंक : ५ (मे - २०१४)
वार्षिक शुल्क : १०० रुपये.
पृष्ठ संख्या : ८

स्वत्वाधिकारी गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा, अहमदाबाद की ओर से प्रकाशक, मुद्रक सुरेशचन्द्र अग्रवाल द्वारा नचिकेत आर्ट प्रिन्टर्स, ११, गैलेक्सी कोमर्शियल सेन्टर, जवाहर रोड, राजकोट से मुद्रित तथा कार्यालय आर्यसमाज, महर्षि दयानंद मार्ग, कांकरिया, अहदाबाद-३८००२२ से प्रकाशित, सम्पादक-सुरेशचन्द्र अग्रवाल

## આર્યસમાજના પદાધિકારીયો, આર્યસભાસદો અને આર્ય સદસ્યો માટે ચિંતન શિબિર યોજાશે. ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું આયોજન

આર્યસમાજનાં સંગઠન સાથે જોડાયેલા તમામ સદસ્યો, સભાસદો અને પદાધિકારીઓની વૈદિક સિદ્ધાન્તો પ્રત્યે નિષ્ઠામાં વધારો થાય અને વેદપ્રચારના કાર્યને વેગ આપવા તત્પર રહે એ ઉદ્દેશ્યથી ગત સપ્ટેમ્બર - ૨૦૧૩માં પ્રાંતીય સભા દ્વારા આધ્યાત્મિક, સૈદ્ધાંતિક, સાંગઠનિક ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. જેની સફળતાથી પ્રેરાઇને વર્ષમાં બે વખત આ પ્રકારની શિબિર યોજવા સભાએ નક્કી કરેલ છે. તદનુસાર દ્વિતીય શિબિર આગામી તા.૨૦-૨૧-૨૨ જૂન૨૦૧૪ના યોજવા અંતરંગ સભાની બેઠકમાં નિર્ણય લેવામાં આવેલ છે. શિબિર સ્થળ મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક (મહાલય) ટંકારા (જિ. મોરબી) રહેશે.

આર્યસમાજ સાથે જોડાયેલા તમામ સદસ્યોને ભવિષ્યમાં આ પ્રકારની શિબિરમાં પ્રશિક્ષણ લેવાનું રહેશે. સભાના આ પ્રયાસને સૌએ બિરદાવેલ છે.

## ગુજરાતની દરેક આર્યસમાજોમાં શંકાસમાધાન કેન્દ્ર અને વૈદિક પાઠશાળા શરૂ કરાશે.

આર્યસમાજ મંદિરોનો દ્વાર જિજ્ઞાસુઓ માટે હંમેશા ખૂલા રહેવા જોઇએ. આથી પ્રાંતીય સભાની ગત બેઠકમાં નિર્ણય લેવામાં આવેલ છે કે દરેક આર્યસમાજોમાં **'શંકા સમાધાન કેન્દ્ર'** સ્થાપિત કરવું. જેમાં જાહેર જનતા પોતાના મનમાં ઉદ્ભવતી વૈદિક સિદ્ધાન્તોને લગતી શંકાઓના સમાધાન માટે આવી શકે. શંકા સમાધાન કરવાની જવાબદારી આર્યસમાજનાં પુરોહિત નિભાવશે. અન્ય વિદ્વાનની વ્યવસ્થા હોય તો તેમનો પણ લાભ લઇ શકાશે. આ અંગેનું સૂચના પટ્ટ (બોર્ડ) દરેક આર્યસમાજ મંદિરના મુખ્ય દરવાજે લગાવવામાં આવશે. જેમાં વિદ્વાનને મળવાનો સમય દર્શાવવામાં આવશે.

પ્રાંતીય સભાએ એક અન્ય મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો 'વૈદિક પાઠશાળા' અંગેનો. દરેક માતા-પિતાની તેમજ સમાજ વડીલો, મહાનુભાવોની ચિંતા છે કે નવી પેઢી અધાર્મિક બનતી જાય છે. વૈચારિક વાતાવરણ અતિભોગવાદી અને નાસ્તિકનું બનતું જાય છે. બાળકો-કિશોરો અને યુવાનોનાં વાણી-વર્તન, ખાન પાન, દિનચર્યા, શિષ્ટાચાર વગેરેમાંથી વૈદિક-ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ ઓસરતો જાય છે. જો આ જ ગતિએ સાંસ્કૃતિક અધઃપતન ચાલુ રહેશે તો આગામી ૨૫-૫૦ વર્ષમાં જ વૈદિક સંસ્કૃતિ માત્ર ઇતિહાસનો વિષય બનીને રહેશે.

પ્રાંતીય સભા દ્વારા આ અધઃપતનને અટકાવવા દરેક આર્યસમાજો દ્વારા 'વૈદિક પાઠશાળા' શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ પાઠશાળામાં આર્યસમાજનાં સદસ્યોનાં સંતાનો (પુત્ર-પૌત્ર, પુત્રી-પૌત્રી) તેમજ અન્ય બાળકોને પણ પ્રવેશ અપાશે. આ પાઠશાળા સપ્તાહમાં એક કે બે દિવસ બે-બે કલાક માટે પ્રશિક્ષણ આપશે. પાઠ્યક્રમ સભા દ્વારા તૈયાર કરીને મોકલવામાં આવશે. આ પાઠશાળા આગામી જૂન/જુલાઇથી આરંભ કરવામાં આવશે.

## બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રતિનિધિ સભા દ્વારા સામૂહિક પારિવારિક પ્રવાસ યોજાશે.

શ્રી બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાની ગત બેઠકમાં નિર્ણય લેવામાં આવેલ છે કે સૌરાષ્ટ્રનાં આર્યપરિવારોનો આપસમાં પરિચય અને સ્નેહ વધે અને નિકટતા સ્થાપિત થાય એ માટે સામૂહિક પારિવારિક પ્રવાસનું આયોજન કરવું. પ્રવાસ સ્થળ તરીકે આબુ પર્વત પસંદ કરવામાં આવ્યું. જ્યાં સ્થિત આર્યસમાજનાં ગુરૂકુળનો વાર્ષિક ઉત્સવ આગામી તા. ૩૧ મે અને ૧-૨ જૂન ૨૦૧૪ ના ઊજવવામાં આવશે. જેમાં સૌરાષ્ટ્રના આર્યસમાજોનાં આર્યપરિવારો ભાગ લેવા જશે. પ્રવાસ દરમ્યાન યજ્ઞ અને વૈદિક સાહિત્યનો પ્રચાર કરાશે. રસ્તામાં આવતા પ્રાકૃતિક અને ઐતિહાસિક દર્શનીય સ્થળોની મુલાકાત લેશે. આ પ્રવાસમાં જોડાવા ઇચ્છનારે પોતાનાં નામ નજીકની આર્યસમાજમાં નોંધાવી દેવા.

# સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા દ્વારા પ્રેરિત અને ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આયોજિત
# *આર્ય પરિવાર વિવાહ યોગ્ય યુવક-યુવતી પરિચય સંમેલન*

સાર્વદેશિક આર્યપ્રતિનિધિ સભાની પ્રેરણાથી ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આર્ય પરિવાર વિવાહ યોગ્ય યુવક-યુવતી પરિચય સંમેલન યોજવામાં આવનાર છે. જેના સ્થળ અને તારીખ હોવે પછી જણાવવામાં આવશે. જે આર્ય પરિવારો પોતાના વિવાહ યોગ્ય પુત્ર/પુત્રીઓની નોંધણી કરાવવા ઈચ્છતા હોય તેઓએ આ સાથેનું નોંધણી પત્રક તમામ વિગતો ભરીને તેની સાથે 'ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા' ના નામ રૂા.૨૦૦ (રૂા. બસો) નો ડિમાંડ ડ્રાફ્ટ જોડીને તા.૩૧-૦૫-૨૦૧૪ સુધીમાં ડૉ. અવિનાશ ભટ્ટ સંયોજક, આર્ય પરિવાર વિવાહ યોગ્ય યુવક-યુવતી પરિચય સંમેલન C/O આર્યસમાજ, આર્યસમાજ માર્ગ, ખંભાળિયા દરવાજા બહાર, જામનગર પિન : ૩૬૧ ૦૦૫ ના સરનામે મોકલી આપવું.

## નોંધણી પત્રક

નોંધણી નંબર : રસીદ નંબર

### વ્યક્તિગત માહિતી

ઉમેદવારનો તાજેતરનો ફોટો લગાવવો.

૧. યુવક/યુવતીનું નામઃ...................................... ગોત્ર : .............
૨. જન્મ તારીખઃ........................જન્મ સ્થાન : ...........................
૩. રંગઃ............ વજન : ............... ઊંચાઈ : ..............
૪. યોગ્યતા (શૈક્ષણિક તથા અન્ય) : .........................................................
૫. ધંધો / વ્યવસાય કરતા હોય તો તેની વિગત અને સરનામું : ..............................................
..........................................................................................................
૬. માસિક આવકઃ..........................................................

### પારિવારિક માહિતી

૭. પિતા/પાલકનું નામઃ..............................વ્યવસાય .............. માસિક આવક ...............
૮. પૂરુ સરનામુંઃ..............................................................
ફોન નંબરઃ...................... મોબા. ............ ઈમેઈલ ...................
૯. મકાન પોતાનું છે / ભાડે છે.:.................................................................
૧૦. માતાનું નામઃ......................... અભ્યાસ ............ વ્યવસાય......................
૧૧. ભાઈ - વિવાહિત :.......................... અવિવાહિત : ............................
બહેન - વિવાહિતઃ.......................... અવિવાહિત : ...........................
૧૨. ઉમેદવાર / વાલી કયા આર્યસમાજના સદસ્ય છે ? ...............................................
૧૩. યુવક / યુવતીની પસંદગી અંગે ટૂંકી વિગત આપવી : ..............................................
૧૪. યુવક/યુવતી નીચેનામાંથી જો હોય તો ✓ કરો.
વિધુર ☐ વિધવા ☐ છૂટાછેડા ☐ અપંગ ☐
૧૫. અન્ય જરૂરી બાબત જણાવવા ઈચ્છતા હોય તો અહીં ટૂંકમાં જણાવો.
..........................................................................................................
તારીખ : ..........................પિતા / માતા / વાલીની સહી, ..........................

**નોંધ :**

૧. વિવાહ સંબંધ બંને પક્ષોએ પોતાની આપસની સંતુષ્ટીથી કરવો. પ્રાંતીય સભા આ માટે જવાબદાર રહેશે નહીં.
૨. પરિચય સંમેલનમાં માતા-પિતા/વાલીએ પોતાના પુત્ર-પુત્રીને સાથે લાવવા.
૩. સમયસર નોંધણી પત્રક જમા થયે તેની માહિતી યુવક-યુવતી નિર્દેશિકામાં પ્રકાશિત થશે.

- ડૉ. અવિનાશ ભટ્ટ
સંયોજક (૯૪૨૬૯ ૪૬૨૦૦)

इस मास के विशिष्ट व्यक्ति

# पं. गुरुदत्त विद्यार्थी

– डॉ. रामप्रकाश

कली मुस्काई और फूल बन गई। डाल मस्ती में झूम उठी। पुष्प ने धरती से, जल से, वायु से, सूर्य से... जीवन लिया, शक्ति ली। उसे जो चाहिए था वह उसने विश्वपति के पुण्य उद्यान में सर्वत्र बिखरी सम्पदा से जी भर कर लिया। फिर उसने अपनी मधुर मुस्कान से धरा को मुखरित किया, अपना सौरभ लुटाया, अपने रंग रूप से प्रकृति को सौंदर्य प्रदान किया। समय बीता। वह मुरझा गया। पंखुडियाँ धूल में मिल गईं। वह रूप, वह रंग, वह गंध... कुछ भी न रहा परन्तु उसे इसका कोई दुःख नहीं, कोई पीडा नहीं, कोई व्यथा-वेदना नहीं। उसका जीवन-चक्र पूरा हो चुका था; जो लेना था, ले लिया, जो देना था, दे दिया। कोई सपना अधूरा न रहा फिर दुःख कैसा?

परन्तु... एक कली...

ऐसी कली जो खिलने से पूर्व तोड दी गई, मसली गई, मिट गई, मिट्टी हो गई...

न अभी जीवन ले पाई, न जीवन दे पाई।

कितनी आशाएँ थीं उससे! सब धरी रह गईं।

माली से पूछो उसके दिल पर क्या बीती?

पण्डित गुरुदत्त विद्यार्थी उस कली की भाँति थे जो खिलने से पूर्व मुरझा गई। रजत श्वेत एवं शीतल ओस की भाँति वह संतप्त धरा की प्यास बुझाने आए परन्तु क्षण में ओझल हो गए। अमावस्या की घोर निशा में प्रकाश-पुंज बनकर आए परन्तु कब उदय हुए, कब चमके, कब छिप गए – पता ही न चला। इतना छोटा था उनका जीवनकाल। लोग देखते रह गए। यह धरती उन्हें रहने के योग्य नहीं जाँच थी क्या?


महत्त्व अधिक का नहीं, दिव्यता का है। दिव्य गुणों के कारण उनका यह छोटा – सा जीवन प्रेरणा का अविरल स्त्रोत है। वे गणों के भण्डार थे। वे थे एक पिणृभक्त पुत्र, सहृदय सखा, कुशल खिलाडी, सक्रिय छात्र नेता, धुन के धनी, अदम्य उत्साह की मूर्ति, विस्मयोत्पादक स्मरणशक्ति एवं प्रतिभा के स्वामी, अपरिमित ज्ञान के भण्डार, विद्यावारिधि, मनमोहक कवि, योग्य लेखक, गम्भीर दार्शनिक, उत्कृष्ट वैज्ञानिक, कुशल सम्पादक, सफल अध्यापक, सुलझे हुए शिक्षा-शास्त्री, ओजस्वी वक्ता, तपस्वी प्रचारक, प्रबल सुधारक, दूरदर्शी नेता, स्वाभिमानी देश भक्त, सच्चे योगी, तपोनिष्ठ मुनि, वेद-शास्त्रों के मर्मज्ञ, समर्पित सत्यान्वेषक, परम ऋषिभक्त, ईश्वरानुरागी...। इन्हीं गुणों के कारण जीवन के प्रत्येक क्षेत्र में वे अमिट छाप छोड गए।

पण्डित जी में ये गुण किस प्रकार विकसित हुए, इसकी भी एक कहानी है। जब पण्डित जी ने ऋषि दयानन्द सरस्वती को इहलीला संवरण करते देखा तो उन पर एक जादू-सा हो गया। वे जितना-जितना ऋषि को समझते गए, उतना ही रंग गहरा होता चला गया। बस, इसी रंग का प्रभाव था कि एक बार पण्डित जी ने दो कपडों पर आर्यसमाज के पाँच-पाँच नियम लिखवा लिए। प्रातःकाल जलपान किया। फिर एक कपडा आगे लटका लिया, दूसरा पीठ से बांध लिया और चलने लगे ऋषि सन्देश सुनाने के लिए। देवी ने देखा तो विस्मित हो गई। हाथ पकड कर बोली – **"**पतिदेव! यह क्या हाल बनाया है? क्या कहेंगे लोग?**"** उत्तर मिला-भोली! तू नहीं जानती। अब यह जीवन मेरा नहीं रहा। मैं इसे ऋषि के चरणों में अर्पित कर आया हूँ। अब रोम-रोम उनकी धरोहर है, देवी। कोई कहेगा – इसकी चिन्ता कैसी?**"**

पण्डित गुरुदत्त ने ऋषिवर को समझ लिया था, इसीलिए श्रद्धा की यह अवस्था थी। वे जानते थे कि लोग अभी उस दिव्य देवता को समझ नहीं पाए। समझ लेंगे तो इनका भी यही हाल हो जायेगा। उन्होंने आर्यसमाज अमृतसर के उत्सव पर भाषण देते हुए कहा भी, **"**ऋषि के महत्त्व का लोगों को दो सौ वर्ष बाद बोध होगा जब विद्वान् पक्षपात त्याग कर उनके ग्रन्थों पर विचार करेंगे। अभी लोगों की यह स्थिति नहीं कि उस योगी की बातों को समज सकें।**"**

श्रद्धालु शिष्य ने गुरु के जीवन-लक्ष्य को ही अपना जीवन-लक्ष्य बना लिया और एक ऐसे संसार की रचना करने की सोचने लगे जिसका चिन्तन एक हो, मनन एक हो, भाव एक हो, धर्म एक हो, इष्ट एक हो ताकि एक पिता के पुत्र परस्पर बन्धुत्व के सूत्र में बँधे हों। सबके सुःख-दुःख साँझे हों। शोषण, भुखमरी, असमानता, अज्ञान, अंधकार तथा अन्याय भूतकाल की कहानी बन जाएँ। देश जन्मजाति की ये दीवारें ढह जाएं। इसीलिए पंडित जी नाम के पीछे जन्मजाति लगाने के विरोधी थे। वे इसे गुण-कर्म बोधक नहीं मानते थे और कहा करते थे कि वर्ण केवल चार ही हो सकते हैं। इसलिए वे विदेशों में विवाह के समर्थक थे। एक बार कहने लगे कि हमारा पुत्र बडा होकर जब विवाह करना चाहेगा तो उसे अमरीका की किसी कन्या को आर्य बनाकर उसके साथ विवाह की प्रेरणा दूँगा।

ऐसे मानव समाज के निर्माण के लिए आवश्यक था कि संसार में बौद्धिक क्रान्ति पैदा की जाए। इसलिए उन्होंने स्वप्न लिया पाँच सहस्त्र वर्ष पूर्व एक महाभारत युद्ध पृथ्वी पर हुआ था जिसके कारण वेदादि शास्त्रों का पठन-पाठन समाप्त हो गया। अब एक विद्या रूपी महाभारत की सामग्री पृथ्वी पर एकत्र हो रही है जिसके कारण पुन: वेदों का पठन-पाठन पृथ्वी पर फैलेगा। इस युद्ध का बीज स्वामी दयानन्द ने आर्यसमाज रूपी साधन द्वारा भूगोल में डाल दिया हैं।



पं. गुरुदत विद्यार्थी
१८६४-१८९०

## अपनी आत्मा को जगाये

जगाना ही है तो अपनी आत्मा को ही जगा ले।
भगाना ही है तो अपनी बुराइयों को भगा ले।
आत्मा जगृति ही तो सारे सुखों की ही जड है,
तो शीघ्रातिशीघ्र अपनी आत्मा को ही जगा ले।
बुराई के चक्कर में फँस कर पीश जाना,
वो दुःखो की बुरी जड है उन्हीं को ही भगा ले।
वो शीघ्रातिशीघ्र पूर्ण निष्ठा से ही तू जुड जा,
तोड झन्झट सारी अपनी आत्मा को जगा ले।

**- रमण नावलीकर**

# આર્યસમાજ ગાંધીનગરમાં પ્રતિભા નિર્માણ કાર્યક્રમ યોજાયો

આર્યસમાજ, કાંકરિયા અમદાવાદ દ્વારા ગત તા.૨૩ એપ્રિલ – ૨૦૧૪ના કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાઇ ગયો. કિશોર વય ૧૨ થી ૧૬ વર્ષનાં બાળકો માટે યોજાયેલ આ કાર્યક્રમમાં ત્રણ પ્રકારની સ્પર્ધાઓ રાખવામાં આવેલી હતી. ૧. રમત-ગમ્મત, ૨. ચિત્રકલા અને ૩. પ્રતિભા પ્રદર્શન. જેમાં ગાંધીનગર શહેર-વિસ્તારની પાંચ શાળઓનાં બાળકોએ ભાગ લીધો હતો. દરેક શાળાઓનાં બાળકો સાથે તેમના આચાર્યશ્રીઓ અને વ્યાયામ શિક્ષકો પણ આર્યસમાજના આમંત્રણથી ઉપસ્થિત રહ્યા હતાં.



રમતગમ્મતમાં લીંબુ ચમચી, કોથડા દોડ, સંગીત ખુરશી અને રીંગરોલની સ્પર્ધાઓ હતી. આ મનોરંજક સ્પર્ધાઓએ ભાગ લેનાર બાળકો અને દર્શકો તમામને હાસ્યરસ પૂરો પાડયો હતો.



ચિત્રકલા સ્પર્ધામાં ભાગલેનારને આર્યસમાજના સભાખંડમાં લગાવેલ મહર્ષિ દયાનંદના વિશાળ ચિત્રને જોઇને પોતાના ડ્રોઇંગ પેપર પ્રતિકૃતિ બનાવવાની હતી.

પ્રતિભા પ્રદર્શનમાં વ્યક્તિગત અને સામૂહિક બંને રીતે અભિવ્યક્તિ કરવાની હતી.

કાર્યક્રમનો પ્રારંભ યજ્ઞથી કરવામાં આવેલ હતાં. યજ્ઞના બ્રહ્મા આચાર્ય શૈલેન્દ્રજી સમગ્ર કાર્યક્રમના સૂત્રધાર હતા. તેમણે બાળકોનાં વિકાસમાં શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓની ભૂમિકાનું મહત્વ સમજાવ્યું હતું. તેઓએ બાળકોને પ્રારંભ યોગાભ્યાસ કરાવ્યો હતો.

કાર્યક્રમનાં અધ્યક્ષ સ્થાને આર્યસમાજ-અમદાવાદ અને ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનાં પ્રમુખ શ્રી સુરેશચન્દ્ર અગ્રવાલ હતા. તેઓએ બાળકોને આશીર્વાદ આપી ઉપસ્થિત શિક્ષકસમૂદાય અને અન્ય દર્શકોને જણાવ્યું કે આજે સંતાન નિર્માણ તરફ વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. આજનું બાળક જ આવતી કાલનું ભારત છે. પ્રતિભા નિર્માણ એ જ રાષ્ટ્ર નિર્માણ છે.

કાર્યક્રમના મુખ્ય અતિથિ કડી કેમ્પસના ડાયરેક્ટર શ્રી ડૉ. સોમાભાઇ પટેલ અને સરકારી આયુર્વેદ ચિકિત્સાલયના શ્રેષ્ઠ ચિકિત્સક ડૉ. ધર્મેન્દ્રભાઇ પટેલ હતા. સ્પર્ધાનું સંચાલન સરસ્વતી શિશુ મંદિરના ઉપાચાર્ય શ્રી પંકજભાઇ અને નિર્ણાયક તરીકે શ્રીમતી રશ્મીબેનની સેવા મળી હતી.

આ પ્રસંગે શ્રી મહેન્દ્રભાઇ ગાંધી, શ્રી મગનભાઇ, શ્રી લક્ષ્મણભાઇ, આર્યસમાજનાં કાર્યકર્તાઓ વગેરે હાજર રહ્યા હતા.

તમામ મહેમાનોનું ઉપવસ્ત્ર, સ્મૃતિચિહ્ન અને સત્યાર્થ પ્રકાશ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

ડૉ. સોમાભાઇ પટેલે પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવ્યું કે મહર્ષિ દયાનંદ એક યુગાંતર કરી પુરુષ હતા. આ પ્રસંગે ડૉ. ધર્મેન્દ્રભા પટેલે સ્વાસ્થ્ય સંબંધી સુંદર વ્યાખ્યાન આપી બાળકોને આહાર-વિહાર અંગે ભાથુ પુરૂ પાડયુ હતું.

પ્રથમ ત્રણ સ્થાને આવનાર બાળકોને આકર્ષક ઇનામો આપવામાં આવેલ હતા. વિદ્યાલયોને પણ બિરદાવવામાં આવેલ હતા. તેમજ બાકીના તમામ બાળકોને સાંત્વના પુરસ્કાર આપવામાં આવેલ હતા.

સમાજમાં મંત્રીશ્રી ભરતભાઇ આર્યએ તમામનો આભાર માન્યો હતો.

સંસ્થા દ્વારા તમામ માટે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી.

# આર્યસમાજ જૂનાગઢ દ્વારા રામનવમી ઉજવાઇ

પ્રતિ વર્ષે હિન્દુ સમિતિ દ્વારા આયોજિત રામનવમીની નગર શોભાયાત્રામાં આર્યસમાજ, જૂનાગઢ તરફથી પણ ફ્લોટ સુશોભિત કરવામાં આવે છે. આ વર્ષે પણ મતદાન જાગૃતિ માટે ફ્લોટ સુશોભિત કરવામાં આવ્યો હતો. ભારત દેશમાં વ્યાપી રહેલ ભ્રષ્ટાચાર, અત્યાચાર, બેરોજગારી, મોંઘવારીરૂપી રાક્ષસના દહન માટે તેમજ મતદાતા પોતાની વ્યક્તિગત ફરજ બજાવે તે વિષયને લઇને સુંદર મજાનો ફ્લોટ તૈયાર કરવામાં આવ્યો. તેમજ શોભાયાત્રાના માર્ગ ઉપર દર્શકોને આર્યસમાજ શું છે? તેના સિદ્ધાંતો વગેરેની જાણકારી માટેની પત્રિકાઓ વહેંચવામાં આવી. આર્યવીરો દ્વારા બેઝિમ વગેરેના દાવ બેન્ડની સાથે સાથે બતાવવામાં આવ્યા. દર વર્ષે આર્યસમાજ, જુનાગઢ દ્વારા દેશભક્તિને લગતા, સામાજિક જાગૃતતા માટેના ફ્લોટ શોભાયાત્રામાં જોડવામાં આવે છે. અને તેનો અલગ પ્રભાવ પડે છે. નગરજનો પણ પ્રસંશા કરે છે, અને આર્યસમાજનો પણ પ્રચાર થાય છે.



# આર્યવીર દળ ટંકારાનો સ્થાનીય શિબિર યોજાયો





આર્યવીર દળ ટંકારાની સ્થાપના આર્યસમાજ ટંકારા દ્વારા સન્ ૧૯૮૪ થી કરવામાં આવેલ છે. જેના દ્વારા દર વર્ષે દિવાળી અને ઉનાળુ રજાઓમાં સ્થાનીય શિબિર યોજવામાં આવે છે. તદનુસાર ચાલુ વર્ષનો ગ્રીષ્મકાલીન પ્રશિક્ષણ શિબિર તા. ૨૦ એપ્રિલ થી ૨૭ એપ્રિલ - ૨૦૧૪ સુધી યોજાઈ ગયો. જેમાં ૪૦ આર્યવીરોએ પ્રશિક્ષણ લીધુ.

આર્યવીરોને સર્વાંગસુંદરવ્યાયામ, આસન, સૂર્યનમસ્કાર, ભૂમિનમસ્કાર, જિમનાષ્ટીક-સળગતી રીંગમાંથી પસાર થવું- વિવિધસ્તુપ બનાવવા તેમજ વૈદિક સિદ્ધાંતો અને અનુશાસનનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું. પ્રશિક્ષક તરીકે પંડિત સુવાસ શાસ્ત્રીએ સેવા આપી હતી. શિબિરના અંતે આર્યવીરોને પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

# સિંહોલ મુકામે આર્યસમાજ સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

વિક્રમ સંવત ૨૦૭૦ ના ચૈત્ર સુદી એકમને સોમવાર તા.૩૧-૩-૨૦૧૪ના રોજ સવારે ૧૦ થી બપોરે ૨-૦૦ દરમ્યાન પેટલાદ તાલુકાના સિંહોલ ગામના મહાકાળીપુરા વિસ્તારમાં ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદની શાખા આર્યસમાજ સિંહોલના સહયોગથી મહર્ષિ દયાનંદ સરસ્વતીએ સને ૧૮૭૫માં મુંબઈમાં સ્થાપિત આર્યસમાજના ૧૪૦ માં સ્થાપના દિવસની ભવ્ય ઉજવણીનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે ચ. પ્ર. આર્યસમાજ, આણંદના પ્રધાન શ્રી કનકસિંહજી વાઘેલા, માનદ્ મંત્રી આર્કિ. અશોક પટેલ, વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્ય, પુરોહિત શ્રી કનુપ્રસાદ શાસ્ત્રી તથા શાખા આર્યસમાજ સિંહોલના તમામ સભ્યો, શાખા આર્યસમાજ કરમસદના સભ્યો - ગાંધીનગરથી ખાસ આમંત્રિત મહેમાનો વાનપ્રસ્થી શ્રી મહેન્દ્રભાઈ ગાંધી તથા વૈદિકપ્રવકતા શ્રી અરવિંદભાઈ રાણા પ્રાથમિક શાળાના વિદ્યાર્થી ભાઈ-બહેનો શિક્ષકમિત્રો તથા સ્થાનિક ગ્રામજનો વગેરે મળીને આશરે ત્રણસો જેટલાં વ્યક્તિઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.




કાર્યક્રમની શરૂઆત વૈદિક મહાયજ્ઞથી કરવામાં આવી. ત્યાર બાદ હાજર સૌએ ગાયત્રી મંત્રની ત્રણ ત્રણ આહુતિ મહાયજ્ઞમાં શ્રદ્ધા-ભક્તિપૂર્વક અર્પી હતી. સામૂહિક યજ્ઞ પ્રાર્થના અને આરતીનું ગાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગરથી પધારેલા વાનપ્રસ્થી શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ આર્યસમાજ અને મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના જીવન વિષે પોતાનું મંતવ્ય રજૂ કર્યુ હતુ તથા વૈદિક પ્રવકતા શ્રી અરવિંદભાઈ રાણાએ પણ આર્યસમાજની સ્થાપના - ઉદ્દેશ્ય - ગતિવિધિ વગેરેનો ખ્યાલ આપીને આર્યસમાજ હિન્દુ સમાજ શા માટે આવશ્યક છે ? જીવનમાં કેવી રીતે પરિવર્તન લાવી શકાય - વૈચારિક શક્તિ મેળવવા માટે સત્યાર્થપ્રકાશ અને વેદોનું પઠન - પાઠન ખૂબ જ જરૂરી છે વગેરે બાબતોની સમજૂતી સરળ ભાષામાં દૃષ્ટાંત સહિત આપી હતી.

આચાર્ય વિદ્યાદેવજીએ મહર્ષિ દયાનંદ સરસ્વતીએ કેવા કપરા સંજોગોમાં પોતાનું જીવન વિતાવ્યું - કેવી રીતે વેદોનું શિક્ષણ મેળવ્યું તથા ગુરુ વિરજાનંદજીની પ્રેરણાથી કેવી રીતે રીતે વેદોનો પુનરોદ્ધાર કર્યો તેમજ આઝાદીની ચળવળમાં આર્યસમાજીઓએ ખૂબ જોર શોરથી ભાગ લીધો વગેરે ઐતિહાસિક તથ્યોને રજૂ કર્યા હતા.

અંતમાં સંસ્થાવતી વ્યવસ્થાપકે હાજર સૌનો કાર્યક્રમમાં હાજર રહી સફળ બનાવવા બદલ હાર્દિક આભાર માન્યો હતો. સંસ્થાએ પ્રચારાર્થે વૈદિક સાહિત્ય ભેટ આપ્યું હતું.

# वानप्रस्थ साधक आश्रम में स्वामी रामदेव जी का आगमन

२४ फरवरी, २०१४ को स्वामी रामदेव जी वानप्रस्थ साधक आश्रम, आर्यवन, रोजड में पधारे। सायंकाल का भोजन ग्रहण करने के पश्चात् स्वामी रामदेव जी ने पूज्य स्वामी सत्यपति जी परिव्राजक के पास जा कर उनसे प्रेरणा और आशिर्वाद प्राप्त किया।

आचार्य सत्यजित् जी ने वानप्रस्थ साधक आश्रम में चलने वाले कार्य के बारे में स्वामी रामदेव जी परिचय कराया। स्वामी मुक्तानन्द जी परिव्राजक के आचार्यत्त्व में संस्कृत भाषा, व्याकरण और आचार्य सत्यजित् जी के सानिध्य में दर्शन पढनेवाले ब्रह्मचारियों को एवं वानप्रस्थियों तथा आगन्तुक महानुभावों को आधे घण्टे तक प्रेरणादायक उपदेशक किया।

# ચરોતર પ્રદેશ આર્ય સમાજ આણંદ દ્વારા રામનવમી પર્વની ઉજવણી સંપન્ન

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ ખાતે પવિત્ર યજ્ઞશાળામાં સંવત ૨૦૭૦ ના ચૈત્ર સુદી નોમને મંગળવાર તા.૦૮-૦૪-૨૦૧૪ ના રોજ સાંજે ૫-૩૦ કલાકે શ્રી રામ નવમી પર્વની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી. જેમાં સંસ્થાના માનદ્ મંત્રી આર્કિ. અશોકભાઇ પટેલ, અંતરંગ સભ્યો – સર્વ શ્રી રમણભાઇ પટેલ, શ્રી રાજેન્દ્રસિંહ રાજ, શ્રી ગોરધનભાઇ આર્ય, શ્રી રાજેશભાઇ સોઢા, શ્રી કેતનભાઇ પટેલ તથા શાખા આર્ય સમાજના સભ્યશ્રીઓ તથા પરિવારજનો અને આમંત્રિત મહાનુભાવોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આર્ય પર્વોની પરંપરાનુસાર કાર્યક્રમનો પ્રારંભ વૈદિક પ્રાર્થનાથી કરવામાં આવ્યો. ત્યાર બાદ પં. વિજયકુમાર આર્ય (સિદ્ધાંતાચાર્ય) ના બ્રહ્મત્વમાં વૈદિક મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ તથા રામનવમી પર્વ નિમિત્તે વિશેષ વેદમંત્રથી આહુતિ અર્પીને પરમકૃપાળુ પરમેશ્વર પાસે પ્રાણી માત્ર માટે મંગળકામનાની પ્રાર્થના કરવામાં આવી. ત્યાર બાદ હાજર સૌ એ સર્વાંગિણ ઉન્નતિની કામના સાથે મહાયજ્ઞમાં શ્રદ્ધાપૂર્વક વિશેષ હવનસામગ્રીથી આહુતિઓ પ્રદાન કરી ધન્યતા અનુભવી હતી. પર્વ યજ્ઞ બાદ સામૂહિક યજ્ઞ પ્રાર્થના તથા વૈદિક આરતી ગાન ભક્તિમય વાતાવરણમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પં. વિજયકુમાર આર્યએ પધારેલા આર્યજનોને સંબોધતા જણાવ્યું હતું કે મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનું જીવન ચરિત્ર અતિ ઉત્તમ અને પ્રેરણાદાયક છે, તેથી જ આજે નવ લાખથી વધુ વર્ષ વિત્યા છતાંયે એ મહાપુરુષને આપણે સૌ યાદ કરીએ છીએ. અને આખી દુનિયામાં શ્રીરામના કાર્યોની પ્રશંસા થાય છે. આજે પણ વિશ્વભરમાં શ્રીરામની કીર્તિ વિદ્યમાન છે. મહર્ષિ દયાનંદ સરસ્વતીના મતે શ્રીરામ મર્યાદા પુરુષોત્તમ હતા. તેઓ જીવનપર્યંત મર્યાદાની સ્થાપના માટે પ્રયત્નશીલ રહ્યા અને સફળ થયા. તેમનામાં આર્યોચિત સદ્ગુણોનો ભંડાર સમાયેલો હતો અને તેથી ચક્રવર્તી સમ્રાટ તરીકે તેઓની કીર્તિ દિગ્ દિગંત સુધી અને આજ પર્યંત પ્રસરી છે અને જ્યાં સુધી સૃષ્ટિ રહેશે ત્યાં સુધી કીર્તિ રહેશે. શ્રીરામના યથાર્થ જીવન ચરિત્રનો બોધ વાલ્મીકી રામાયણના અધ્યયનથી પ્રાપ્ત થાય છે.

ધાર્મિક ક્ષેત્રે મોટા ભાગના લોકો શ્રીરામને ઇશ્વરનો અવતાર માને છે પણ આ એક ભ્રામક માન્યતા છે આ અંગે સ્વયં વાલ્મીકી રામાયણ શું કહે છે તે આપણે જાણીએ. રામાયણની શરૂઆતમાં મહર્ષિ વાલ્મીક મુનિ નારદને પૂછે છે કે – હે મહર્ષિ! આ ભૂલોકમાં પ્રસંશનીય ગુણો વાળો, પરાક્રમવાળો, શ્રૌત સ્માર્ત ધર્મના રહસ્યને જાણનારો, કૃતજ્ઞ, સત્યવક્તા, આપત્તિમાં પણ ગ્રહણ કરેલા નિયમોનો ત્યાગ નહીં કરનારો, ઉત્તમ ચરિત્રવાળો, સર્વ પ્રાણીઓનું હિત કરનારો, આત્મ-અનાત્મ પદાર્થને જાણનારો, તેજસ્વી, ઈર્ષ્યા રહિત અને યુદ્ધ સમયે જેને ક્રોધેલો જોઇને દેવો તેમજ અસુરો પણ ભય પામે એવો પુરુષ આ સમયમાં કોણ છે ? આ સર્વ ગુણો એક જ પુરુષમાં હોય તેવા પુરુષને જાણવાની મને ઉત્કંઠા છે.

આના જવાબમાં નારદ કહે છે – હે મુનિ ! તમે જે ગુણોનું વર્ણન કર્યુ, તે સર્વ ગુણો એક જ પુરુષમાં હોવા અતિ દુર્લભ છે, તો હું પણ વિચાર કરીને તેવો પુરુષ કોણ છે તે કહું છું, તે તમે સાંભળો. આધુનિક સમયમાં ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલા અને લોક વિખ્યાત રામ આ સર્વ ગુણોથી સંપન્ન છે. આમ કહીને નારદ શ્રીરામના અલૌકિક ગુણોનું વર્ણન કરે છે.

અહીં વાલ્મીકીએ વિશિષ્ટ ગુણોયુક્ત પુરુષ અંગે પૂછયો હતો અને નારદ આવા ગુણ વાળા પુરુષની માહિતી આપે છે. અહીં અવતારવાદની કોઇ ગંધ સુદ્ધા નથી. આમ શ્રીરામ મર્યાદા પુરુષોત્તમ હોવાથી મહાપુરુષ હતા તે નિર્વિવાદ છે. અર્વાચીન ઇતિહાસકારો રામાયણને ઐતિહાસિક ગ્રંથ નહીં પણ કાલ્પનિક ગ્રંથ માને છે. તે તદ્દન ખોટું છે. શ્રીરામ એ ભારતીય સાહિત્ય, સંસ્કૃતિ અને ઇતિહાસને સૌથી વધુ પ્રભાવિત કરનારા મહાપુરુષ છે. શ્રીરામના જીવન ચરિત્રમાંથી આપણે સૌ એ પ્રેરણા મેળવીને આપણા જીવનને ઉચ્ચ આદર્શવાળુ બનાવવા સંકલ્પબદ્ધ થવું એ આજના પર્વ સંદેશો છે, માહાત્મ્ય છે.

પર્વ પ્રસંગે હાજર સૌનો સંસ્થાવતી માનદ્ મંત્રીએ હાર્દિક આભાર માન્યો હતો. આ પ્રસંગે સૌને વૈદિક પુસ્તકોના સેટ ભેટ આપ્યા હતા. તથા શાંતિપાઠ કરી અને પર્વની ઉજવણી સફળતા પૂર્વક સમ્પન્ન થઇ હતી.

# સાર્વદેશિક આર્યવીરાંગના દળનો રાષ્ટ્રીય પ્રશિક્ષણ શિબિર ૧ જૂન થી ૮ જૂન ટંકારા (ગુજરાત) ખાતે યોજાશે.

**સાર્વદેશિક આર્ય વીરાંગના દળનો રાષ્ટ્રીય વાર્ષિક પ્રશિક્ષણ શિબિર આગામી તા.૧ જૂન થી ૮ જૂન ૨૦૧૪ સુધી મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્મારક મહાલય - ટંકારા ખાતે યોજાશે. જેમાં ભારતનાં વિવિધ પ્રાંતોની આર્યવીરાંગનાઓ ભાગ લેશે અને શારીરિક તથા બૌદ્ધિક પ્રશિક્ષણ મેળવશે.**

**ગુજરાતની બાળાઓને આ શિબિરમાં જોડાવા આમંત્રણ છે. ૧૩ થી ૨૦ વર્ષની વયની કોઇપણ બાળાઓ શિબિરમાં જોડાઇ શકશે. ભાગ લેવા ઇચ્છતી બાળાઓએ પોતાના વાલીની સંમતિ સાથે નિયત પ્રવેશપત્ર અને શિબિર ફી રૂા.૨૫૦/- તા.૨૦-૫-૧૪ સુધીમાં ટંકારા ખાતે પહોંચતા કરવાના રહેશે. પ્રવેશપત્ર નજીકની આર્યસમાજમાંથી મળશે, અથવા શિબિર સંચાલકનો સંપર્ક કરવો.**

**શિબિરાર્થીંએ સાથે લાવવાની વસ્તુઓ સફેદ સલવાર, સફેદ કુર્તો, કેસરી દુપટ્ટો, સફેદ સુઝ, સફેદ મોજા, સાદાં કપડાં, ન્હાવા-ધોવાનો સામાન, દંતમંજન, ઓઢવા-પાથરવાની ચાદર, નોટબૂક, પેન.**

| હસમુખ પરમાર | રામદેવ શાસ્ત્રી | સાધ્વી ઉત્તમાયતિ |
|---|---|---|
| સંચાલક | વ્યવસ્થાપક | શિબિરાધ્યક્ષા |
| ૯૯૭૯૩૩૩૩૪૮ | ૯૯૧૩૨૫૧૪૪૮ | ૯૬૭૨૨૮૬૮૬૩ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | વા | | ■ | 2 | | સ | | | મ |
| 3 ભ | | વા | | શ્રી | | | ■ | 4 | |
| 5 | | | ■ | 6 | રે | | | | ■ |
| 7 | સ્તિ | | ■ | 8 | | રા | | ડ | ■ |
| 9 | ગ | | | શ | ■ | 10 | ગ્યા | | ■ |
| 11 વી | | સા | | | | ર | ■ | 12 | મા |
| 13 | ર | | ર | | | લ | ■ | 14 | |
| 15 | | દા | | ભા | | | | | ■ |

**દરેક આડી લાઇન :**

૧. ત્રણ અનાદિ તત્વોમાં ક્યુ તત્વ સુખની ઇચ્છા રાખે છે. (૩)
૨. ચાર આશ્રમોમાં ક્યો આશ્રમ સમાજને સાચો રસ્તો બતાવે છે. (૬)
૩. ભારતનો ઇતિહાસ લખનાર પાશ્ચાત્યો ક્યા મહાપુરુષનું અસ્તિત્વ મીટાવવા પ્રયત્નશીલ છે. (૭)
૪. સંસારનો પ્રાચીનતમ અપૌરુષેય ગ્રંથ. (૨)
૫. આ ત્રણમાં કોનું મુલ્ય વધુ છે. સંપત્તિ – સમય – સંતતિ (૩)
૬. ભારતના ઘોષિત વડાપ્રધાન પદના ઉમેદવાર. (૫)
૭. શરીર દુર્બલ હોવું એ બહુ ચિંતાની વાત નથી. પણ આ આંતરિક અંગ કમજોર હોવું એ ચિંતાની વાત છે. (૩)
૮. ભારતના ક્યા પ્રદેશની સરહદ ચીન અને નેપાળ સાથે જોડાયેલ છે .(૫)
૯. ક્યા દેશની આશરે ૩ થી ૪ કરોડ જનસંખ્યા ભારતમાં રહે છે. (૫)
૧૦. ભારતના કેટલાં રાજ્યોની સરહદ હિન્દ મહાસાગરનો સ્પર્શ કરે છે.(૩)
૧૧. ૨૮ મે ૧૮૮૩ માં નાસિકના ભાગુર ગામમાં જન્મેલ ક્રાંતિકારી પુરુષ (૭)
૧૨. ધર્મનાં દશ લક્ષણો માંહેનો એક – (૨)
૧૩. જમ્મુકાશ્મીરનો નિર્ણય આ વ્યક્તિ પાસે હોત તો સમસ્યા ન હોત. (૭)
૧૪. ક્યા દેશથી સાવધ રહેવા પટેલે નહેરુને પત્ર લખ્યો હતો. (૨)
૧૫. સ્વામિ દયાનંદ રચિત એક ગ્રન્થ. (૯)

## चाणक्य नीति

मुर्ख शिष्योपदेशेन वामा स्त्रीभरणेन च।
दु:खितै सहवासेन पण्डितोऽप्योवसीदती ।।

मुर्ख शिष्य को उपदेश करने से, दुष्ट स्त्री को जेवर आदि से सजाने से, दु:खियों के निरन्तर साथ रहेने से बुद्धिमान भी दु:खी होने लगते है।

**(पद्यार्थ) ।। दोहा ।।**

कुलटा को अलंकार दे, मुरख को उपदेश।
दु:खियों के सहवास से, पण्डित पावे क्लेश ।।

-------------------------------

दुष्टा भार्या शठं मित्रं भृत्याश्चोत्तरदायक: ।
ससर्पे च गृहे वासो मृत्युरेव न संशय: ।।

दुश्चारित्रा पत्नी, कपटी व स्वार्थी मित्र, बात का प्रतिवाद करने वाला सेवक और सर्प के निवास वाला घर इन चारों स्थितियों के उपस्थित होने पर मृत्यु ही समझो, इनमें सन्देह नहीं है।

**(पद्यार्थ) ।। दोहा ।।**

नीच नारि अरु मित्र शेठ, सेवक हो वाचाल।
सांप वास घर में करे, निश्चय जानो काल ।।

-------------------------------

आपदर्थे धनं रक्षेद् दारान् रक्षेद्धनैरपि।
आत्मानं सततं रक्षेद् दारैरपि धनैरपि ।।

आपत्तिकाल के लिए धन रखे, धन द्वारा स्त्रियों की रक्षा करे, धन और स्त्री द्वारा स्वयं अपना कल्याण साधन निरन्तर करना चाहिए।

**(पद्यार्थ) ।। दोहा ।।**

यदि आपद काल पडे कबहूँ, इसके हित ही धन को रख लीजे।
धन देकर नारि सुखी रखना, मत नारि बिना धन के तज दीजे ।।
इस भाँति सही धन नारि रखो, यह बात गुणी जन की गुन लीजे।
अपना हित हो प्रभु पन्थ मिले, धन नारि तजे, अनुराग न कीजे ।।

## ::: આર્યવૈદિક દર્શન અંગે સૂચના :::

– આર્યવૈદિક દર્શનનું નવા વર્ષ ૨૦૧૪–૧૫ નું વાર્ષક લવાજમ રૂા. ૧૦૦/- દરેક ગ્રાહકોને મોકલી આપવા વિનંતી.

– જે ગ્રાહકોનું પાછલા વર્ષનું લવાજમ બાકી હોય તેમણે બે વર્ષનું લવાજમ સાથે મોકલવું.

– લવાજમ મનીઓર્ડર વડે જ નીચેના સરનામે મોકલવું.

**પ્રવીણભાઇ ઠાકર**
વ્યવસ્થાપક
આર્ય વૈદિક દર્શન
આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, હાથીખાના,
**રાજકોટ**

## શબ્દકોઠાનો એપ્રિલ–૧૪ નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 મ | ર્યા | દા | પુ | રુ | ષો | ત્ત | મ | રા | મ |
| 2 રા | મ | ન | વ | મી | ■ | 3 બ | ચ્છો | વા | લી |
| 4 અ | સ | મ્પ્ર | જ્ઞા | ત | ■ | 5 ચુ | ની | લા | લ |
| 6 લા | લા | લા | જ | પ | ત | રા | ય | ■ | ■ |
| 7 સ્વા | યં | ભ | વ | ■ | 8 ના | મ | ક | ર | ણ |
| 9 બ્રા | હ્મ | મુ | હૂ | ર્ત | ■ | 10 મા | ન | સિ | ક |
| 11 ય | જુ | ર્વે | દ | ■ | 12 પ | ર | મા | ત્મા | ■ |
| 13 સં | ગ્ર | હા | લ | ય | ■ | 14 જા | તિ | વા | દ |

# આર્યાભિવિનય

મહર્ષિ દયાનંદ સરસ્વતી

**मृळा नो रुद्रोत नो मयस्कृधि क्षयद्वीराय नमसा विधेम ते**
**यच्छं च योश्च मनुरायेजे पिता तदश्याम तव रुद्र प्रणीतिषु ।।४५।।**
**ऋ० १।८।५।२।।**

**વ્યાખ્યાન : હે દુષ્ટોને રડાવનાર રુદ્રેશ્વર ! અમને મૃડ સુખી કરો. તથા મયસ્કૃધિ અમને મય અર્થાત્ અત્યંત સુખ પ્રાપ્ત કરાવો. ક્ષયદ્વીરાય, નમસા, વિધેમ તે શત્રુઓના વીરોનો ક્ષય કરનારા ! અત્યંત નમસ્કારાદિથી આપની સેવા કરનારા– અમારા લોકોનું સારી રીતે રક્ષણ કરો. યચ્છમ્ હે રુદ્ર ! આપ અમારા પિતા (જનક) અને પાલક છો. અમારી સર્વ પ્રજાઓને સુખી કરો. યોશ્ચ પ્રજાના રોગોનો પણ નાશ કરો. જેવી રીતે મનુઃ માન્યકારક પિતા આયેજે પોતાનાં સંતાનોને સન્માર્ગગામી બનાવીને અનેક રીતે લાડ લડાવે છે. તેવી રીતે આપ અમારું પાલન કરો. હે રુદ્ર ભગવન્ ! તવ, પ્રણીતિષુ આપની આજ્ઞાનો પ્રણય (કરીએ) અર્થાત્ ઉત્તમ ન્યાયયુક્ત નીતિઓમાં પ્રવૃત રહીએ. (નીતિઓ અનુસાર ચાલીએ.) અને તદશ્યામ આપના અનુગ્રહથી વીરોનું ચક્રવર્તી રાજ્ય પ્રાપ્ત કરીએ. ।।૪૫।।**



## અંધવિશ્વાસ અને તેનું નિવારણ





– મદન રહેજા

**અંધ વિશ્વાસ** – ભવિષ્યવાણી કરનારી જ્યોતિષ-વિદ્યા ખોટી ન કહેવાય કારણ કે તેનાથી અનેક લોકોનું ભાગ્ય સુધરી જાય છે.

નિવારણ – જ્યોતિષ વિદ્યાને ખોટી કહેવી એ ભૂલ છે. જ્યોતિપિંડોની સ્થિતિ અને ગણતરી, ક્યારે ક્યો ગ્રહ-ઉપગ્રહ નક્ષત્ર વગેરે ક્યાં હશે તે અંગેનું જ્ઞાન જે વિદ્યાથી મળે છે તે જ્યોતિર્વિદ્યા છે. સૂર્ય ગ્રહણ કે ચંદ્ર ગ્રહણ ક્યારે થશે તે આ વિદ્યાથી જ મળે છે; કારણ કે ગ્રહ-ઉપગ્રહ-નક્ષત્રોનું ભ્રમણ એ પ્રકૃતિના નિયમોનુસાર જ થાય છે. પ્રકૃતિનાં એ નિયમોને વેદમાં 'ઋત' કહેલ છે. 'ઋત' (પ્રાકૃતિક નિયમો) ને બદલી શકાતા નથી. આ નિયમોના આધારે ગ્રહો-ઉપગ્રહોની સ્થિતિની ભવિષ્યવાણી કરવી એ જ્યોતિષ વિદ્યા છે. પરંતુ જ્યોતિષ લોકો તેના દ્વારા ફલાદેશ કરે છે. તે યોગ્ય નથી. તે અવૈદિક-સૃષ્ટિ નિયમોની વિરૂદ્ધ અસત્ય છે. કોઇ મનુષ્યના ભાગ્યને જાણવું તો દૂર રહ્યું પરંતુ આજે અત્યારે શું થશે તે પણ કોઇ બતાવી ન શકે. અનુમાન તો કોઇ પણ વ્યક્તિ કરી શકે છે. આપણે જે પણ કર્મ કરીએ છીએ તેના આધારે એટલું તો અનુમાન આપણે સ્વયં પણ લગાવી શકીએ કે આનું શું ફળ મળશે?

કોઇ નું ભાગ્ય કોઇ જાણી શકતું નથી. આપણું ભાગ્ય આપણે સ્વયં ઘડીએ છીએ, આપણે કરેલાં કર્મ જ ભાગ્ય બને છે. કરેલાં કર્મનું ફળ અવશ્ય મળે છે, જેવાં કર્મ તેવું ફળ. કર્મફળને કોઇ જ્યોતિષી બદલી શકતો નથી. કોઇ ગ્રહ આપણાં ભવિષ્યને ન સુધારી શકે કે ન બગાડી શકે. કર્મફળ ઈશ્વર આપે છે. ઈશ્વર જે કંઇ કરે છે તે સારૂ જે કરે છે; આપણી ભલાઇ માટે કરે છે.

BOOK-POST

**પ્રેષક :-**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ,**
**ટંકારા - ૩૬૩૬૫૦.**
**જિ. રાજકોટ**

**પ્રતિ,** ____________________

____________________

____________________

____________________

स्वत्वाधिकारी गुजरात प्रान्तीय आर्य प्रतिनिधि सभा, अहमदाबाद की ओर से प्रकाशक, मुद्रक सुरेशचन्द्र अग्रवाल द्वारा नचिकेत आर्ट प्रिन्टर्स, ११, गैलेक्सी कोमर्शियल सेन्टर, जवाहर रोड, राजकोट E-mail : alpaprinters@yahoo.com से मुद्रित तथा कार्यालय आर्यसमाज, महर्षि दयानंद मार्ग, कांकरिया, अहदाबाद-३८००२२ से प्रकाशित,
● सम्पादक-सुरेशचन्द्र अग्रवाल ● सह सम्पादक : हसमुख परमार-९८७९३ ३३३४८ ● व्यवस्थापक : प्रवीण ठाकर - ९४२८२०२४५८